# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-09-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Thursday** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ત્રણ પરમ સુપર કોમ્પ્યૂટરનું અનાવરણ કર્યું.
2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ સિયાચિન બેસકેમ્પમાં સૈનિકો સાથે મુલાકાત કરતા તેમની બહાદૂરીની પ્રશંસા કરી..
3) હરિયાણામાં ચૂંટણી પ્રચાર કરતા રાહુલ ગાંધીએ બેરોજગારી અને ટેકાના ભાવ મુદ્દે ભાજપ સરકાર સામે પ્રહાર કર્યા.
4) સાતમા રાષ્ટ્રીય પોષણ માસ દરમિયાન અત્યાર સુધીમાં વીસ લાખથી વધુ કાર્યક્રમોનું આયોજન કરાયું.
5) અને બેડમિન્ટન ખેલાડી કિદામ્બી શ્રીકાંતે મકાઉ ઓપનની મેન્સ સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો..

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PRESIDENT SIACHINE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ આજે લદ્દાખમાં સિયાચિન બેસકેમ્પની મુલાકાત લીધી હતી અને સિયાચીન ગ્લેશિયરમાં તૈનાત સૈનિકો તેમજ અધિકારીઓ સાથે સંવાદ કર્યો હતો.

શ્રી મુર્મુએ સૈનિકોને સંબોધન કરતા પડકારજનક સ્થિતિ અને પ્રતિકૂળ હવામાન વચ્ચે દેશની સુરક્ષા કરવા બદલ તેમની બહાદૂરીની પ્રશંસા કરી. તેમણે સિયાચીન યુદ્ધ સ્મારક ખાતે શહીદોને પુષ્પાંજલિ અર્પણ કરી. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામ અને રામનાથ કોવિંદ બાદ સિયાચીન ગ્લેશિયરની મુલાકાત લેનારા શ્રીમતી મુર્મુ ત્રીજા રાષ્ટ્રપતિ છે.

કારાકોરમ રેંજમાં સ્થિત સિયાચીન ગ્લેશિયર વિશ્વની સૌથી ઉંચી લશ્કરી છાવણી છે. ભારતીય સેના એપ્રિલ 1984માં ચલાવેલા ઑપરેશન મેઘદૂત બાદથી તેની સુરક્ષામાં છે.

## PM PARAM SUPERCOMPUTER

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરેન્સિંગ દ્વારા હવામાન અને આબોહવા માટે ત્રણ પરમ રુદ્ર સુપર કમ્પ્યુટરનું અનાવરણ કર્યું. અંદાજે 130 કરોડ રૂપિયાની કિંમતની ત્રણ પરમ રુદ્ર સુપર કોમ્પ્યુટર, રાષ્ટ્રીય સુપરકોમ્પ્યૂટિંગ મિશન હેઠળ સ્વદેશી રીતે વિકસાવવામાં આવ્યા છે. આ સુપર કોમ્પ્યૂટર પુણે, દિલ્હી અને કોલકાતામાં અગ્રણી વૈજ્ઞાનિક સંશોધનની સુવિધાઓ માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

આ પ્રસંગે સંબોધન કરતા શ્રી મોદીએ જણાવ્યું કે ભારત ક્વોન્ટમ કમ્પ્યૂટિંગમાં નેતૃત્વ કરી રહ્યું છે. વધુમાં તેમણે ઉમેર્યું કે ભારતે વૈજ્ઞાનિક ટેક્નૉલોજીની મદદથી સંશોધન ક્ષેત્રે આત્મનિર્ભર બનવાનું છે. તેમણે ઉમેર્યું કે દેશ સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમ માટે પણ તૈયાર થઈ રહ્યો છે.

## PM HARYANA

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે હરિયાણાના લોકો ભાજપને વધુ એક વાર સેવા કરવાની તક આપશે. શ્રી મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ભાજપના બૂથ કાર્યકર્તાઓને સંબોધન કરતા કહ્યું કે પક્ષ રાજ્યમાં ભ્રષ્ટાચારથી મુક્ત સરકાર ચલાવી રહ્યો છે.

## (બાઇટ- પીએમ મોદી)

પ્રધાનમંત્રીએ કહ્યું કે, રાજ્યના યુવાનોને કોઈ પણ ગેરરીતિ આચર્યા વિના રોજગાર મળી રહ્યા છે. આ પ્રસંગે તેમણે કૉંગ્રેસની ટીકા કરતા આરોપ મૂક્યો કે તે જૂથબાજી, આતરિક વિખવાદ અને એકબીજાથી હિસાબ કરવામાં વ્યસ્ત છે. તેમણે દાવો કર્યો કે આવો પક્ષ ક્યારેય પણ હરિયાણાના લોકોનો વિશ્વાસ ન જીતી શકે.

## RAHUL RALLYY

કૉંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ ખેડૂતો માટે બેરોજગારી અને ટેકાના ભાવ મુદ્દે ભાજપની ટીકા કરી હતી. હરિયાણાના કરનાલમાં વિજય

સંકલ્પ રેલીને સંબોધતા શ્રી ગાંધીએ આરોપ લગાવ્યો કે રાજ્યમાં યુવાનો બેરોજગારીને કારણે મુશ્કેલીને સામનો કરી રહ્યા છે. શ્રી ગાંધીએ ટેકાના ભાવ મુદ્દે કહ્યું કે ભાજપ સરકાર ખેડૂતોને લોન માફી આપવામાં નિષ્ફળ રહી છે. હરિયાણમાં કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા વિશે વાત કરતા તેમણે કહ્યું કે કોંગ્રેસ રાજ્યની મહિલાઓને 300 યુનિટ મફત વીજળી અને 2 હજાર રૂપિયાનું પેન્શન આપશે.

## JAMMU KASHMIR AMIT SHAH

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે, જમ્મૂ કાશ્મીરમાંથી આતંકવાદને મૂળથી નાબૂદ કરાયો છે અને તેને પેદા નહીં થવા દેવાય.

ઉધમપુર જિલ્લાના ચેનાની વિસ્તારમાં ચૂંટણી સભાને સંબોધતા શ્રી શાહે જણાવ્યું કે નરેન્દ્ર મોદીના નેતૃત્વ વાળી સરકારે કલમ 30 નાબુદ કરીને પક્ષ સંરક્ષક શ્યામા પ્રસાદ મુખર્જીનું સ્વપ્ન સાકાર કર્યું. શ્રી શાહે આજે ઉધમપુર, કઠુઆ અને જમ્મૂ જિલ્લામાં પાંચ ચૂંટણી સભાને સંબોધન કર્યું હતું.

## REV. EVE. J&K CAMPAIGNING

જમ્મૂ કાશ્મીરમાં પહેલી ઑક્ટોબરના રોજ ત્રીજા અને અંતિમ તબક્કા માટે મતદાન થશે. જેમાં જમ્મૂ જિલ્લાની 11 વિધાનસભા બેઠકો માટે 12 લાખથી વધુ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. સરળ અને

પારદર્શક મતદાન પ્રક્રિયા માટે ચૂંટણી પંચે 1 હજાર 492 મતદાન કેન્દ્રો ઉભા કર્યા છે, જેમાંથી 609 શહેરી તેમજ 885 ગ્રામીણ વિસ્તારમાં ઉભા કરાયા છે.

મતદારોની સહભાગિતાને પ્રોત્સાહિત કરવા દિવ્યાંગો માટે ખાસ મતદાન કેન્દ્રો, મહિલાઓ માટે અલગથી, ઉપરાંત હરિયાળા મતદાન કેન્દ્રો સહિતના વિવિધ મતદાન કેન્દ્રો ઉભા કરાયા છે. આ તબક્કામાં અંદાજે 48 હજાર મતદાતાઓ પ્રથમ વાર મતાધિકારનો ઉપયોગ કરશે.

# POSHAN MAH

સાતમા રાષ્ટ્રીય પોષણ માસ દરમિયાન અત્યાર સુધીમાં વીસ લાખથી વધુ કાર્યક્રમોનું આયોજન થઈ ચૂક્યું છે. લોહીની અછતને રોકવા માટે વાર્ષિક પૌષ્ટિક આહાર અને કલ્યાણ અભિયાન અતંર્ગત લગભગ એક કરોડ 88 લાખ કાર્યક્રમો યોજાયા. 1 કરોડ 45 લાખ કાર્યક્રમોમાં પૂરક આહાર પર ધ્યાન કેન્દ્રીત કરાયું. સરકારે પોષણ સાથે અભ્યાસ ઝુંબેશ અંતર્ગત અંદાજે 1 કરોડ, 59 લાખ કાર્યક્રમોનું આયોજન કર્યું. જે અંતર્ગત લોકોમાં જાગૃતતા વધારવા માટે પર્યાવરણ સંરક્ષણ અને આ પ્રકારની અન્ય ઝુંબેશ પણ ચલાવવામાં આવી. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય અનુસાર આ વર્ષે પોષણ માસ અભિયાનમાં મહારાષ્ટ્ર, બિહાર, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, ગુજરાત અને આંધ્ર પ્રદેશનું પ્રદર્શન સારુ રહ્યું.

# UP SWACHATA ABHIYAN

ઉત્તર પ્રદેશ સરકારે આજે સવારે 155 કલાકની નોન-સ્ટૉપ મહા સફાઈ ઝુંબેશનો પ્રારંભ કર્યો છે. આ ઝુંબેશ 2 ઑક્ટોબરના રોજ મહાત્મા

ગાંધીની 155મી જન્મજયંતિ પ્રસંગે પૂર્ણ થશે. ‘સ્વભાવ સ્વચ્છતા – સંસ્કાર સ્વચ્છતા’ વિષય વસ્તુ આધારિત આ ઝુંબેશમાં સ્વચ્છતા અને પર્યાવરણ જાગૃતિને પ્રોત્સાહન આપવામાં આવશે. આ પ્રસંગે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શહેરી વિકાસ વિભાગને સ્વચ્છતા હી સેવા પખવાડિયા અંતર્ગતની આ ઝુંબેશને સફળ બનાવવાની અપીલ કરી છે.

# INDIA BADMINTON

બેડમિન્ટન એશિયા ચેમ્પિયનશીપમાં ભારતીય ખેલાડી કિદામ્બી શ્રીકાંતે આજે મકાઉ ઓપનની મેન્સ સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. શ્રીકાંતે પ્રી ક્વાર્ટર ફાઇનલમાં દેશબંધુ આયુષ શેટ્ટીને 21-13,21-18થી હરાવ્યા હતા. મહિલા ડબલ્સમાં ગાયત્રી ગોપીચંદ અને ત્રીસા જોલીની ભારતની ત્રીજી ક્રમાંકિત જોડીએ પણ લિન ચિહ-ચુન અને ટેંગ ચુન-સુનની તાઇવાનની જોડીને રાઉન્ડ ઓફ 16 મેચમાં 22-20, 21-11થી હરાવીને અંતિમ આઠમાં પ્રવેશ મેળવ્યો હતો.

# INDIA-UNSC MEMBERSHIP

ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઇમ્યૂનલ મેક્રોંએ સુંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં ભારતની સ્થાયી સભ્યતાનું મજબૂત સમર્થન કર્યું છે. ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રની 79મી મહાસભાને સંબોધતા શ્રી મેક્રોંએ ભારતનું સમર્થન કર્યું. આ પ્રસંગે તેમણે ભારત સાથે જાપાન, જર્મની, બ્રાઝિલના કાયમી સભ્યપદનું પણ સમર્થન કર્યું. ફ્રાન્સના પ્રમુખે સંયુક્ત રાષ્ટ્ર અને ખાસ કરીને તેની સુરક્ષા

પરિષદની વર્તમાન રચનામાં સુધારાની જરૂરિયાત પર ભાર મૂક્યો, જેથી તેને વધુ અસરકારક પ્રતિનિધિત્વ મળે.

## IMMEDIATE CEASEFIRE

અમેરિકા, ફ્રાંસ અને તેમના સાથી દેશોએ ઈઝરાયેલ અને હિજબુલ્લાહ વચ્ચેની લડાઈ વધુ ઘાતક બનતા તત્કાળ અમલમાં આવે તે રીતે 21 દિવસનો યુદ્ધ વિરામ અમલમાં મુકવાની અપીલ કરી છે.

અમેરિકા, યુરોપિયન સંઘ અને આરબ દેશોએ પણ સંયુક્ત રીતે બહાર પાડેલા નિવેદનમાં ઇઝરાયેલ અને લેબનોન સરકારને હંગામી ધોરણે તત્કાળ યુદ્ધ વિરામ જાહેર કરવાની અપીલ કરાઈ છે.

અમેરિકાના એક અધિકારીએ જણાવ્યું હતું કે, લેબનોનમાં 21 દિવસનો યુદ્ધ વિરામ જો અમલમાં આવે તો છેલ્લા કેટલાંક મહિનાથી ગાઝા વિસ્તારમાં ચાલી રહેલ લડાઈમાં સંઘર્ષ વિરામની તકો ઉજળી બનશે. ઉલ્લેખનીય છે કે, ઇઝરાયેલ અને હિજબુલ્લાહ વચ્ચે ચાલી રહેલી લડાઈ પ્રાદેશિક સ્તરના યુદ્ધમાં ફેરવાય તેવી ભિતી સેવાય છે.

## INDIAN EMBASSY ADVISORY

બૈરૂત ખાતેના ભારતીય રાજદૂતાવાસે ભારતીયોને હવે પછી સૂચના અપાય નહીં ત્યાં સુધી લેબેનોનનો પ્રવાસ નહિં કરવાની સૂચના આપી છે. એવી જ રીતે ત્યાં ઈઝરાયેલ અને હિજબુલ્લાહ વચ્ચે સંઘર્ષ વધ્યો હોવાથી લેબનોનમાં વસતા ભારતીયોને લેબેનોનમાંથી ખસી જવાનો નિર્દેશ આપ્યો છે.

લેબનોનમાં વસતા ભારતીયોને સતર્ક રહેવાની, જરૂર પૂરતી બહાર અવરજવર કરવાની અને બૈરૂત ખાતેના રાજદૂતાવાસ સાથે સંપર્કમાં રહેવાની પણ સૂચના અપાઈ છે.

ઉલ્લેખનીય છે કે, ઇઝરાયેલ લેબનોનમાં તાજેતરમાં કરેલા હવાઈ હુમલામાં 50 બાળકો સહિત 558 લોકોના મોત નિપજ્યા હતા અને એક હજાર 835 લોકોને ઇજા થઇ હતી.

## SL ELECTIONS

શ્રીલંકાના ચૂંટણીપંચે ત્યાં આગામી 14મી નવેમ્બરે યોજાનારી સંસદીય ચૂંટણી માટે બેઠકોની ફાળવણીની જાહેરાત કરી છે. સૌથી વધુ 19 બેઠકો ગાંમ્પહા જિલ્લામાં ફાળવવામાં આવી છે. જયારે સૌથી ઓછી 4 બેઠકો ત્રિંકોમાલી જિલ્લાને ફાળવવામાં આવી છે.

સૂચિત સંસદીય ચૂંટણીમાં પ્રાંતીય, બેઠકો સંસદની 225 બેઠકોનો સમાવેશ થાય છે. શ્રીલંકાના ચૂંટણી પંચે સંસદીય ચૂંટણી યોજવા માટે 11 અબજ શ્રીલંકાના રૂપિયાની માંગણી કરી છે.